# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 21-02-2025** **Evening : 7.10 to 7.20 pm**

**Day : Friday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **મિત્તલ પટેલ** વાંચે છે.

---

1. વિધાનસભામાં આજે ગુજરાત ક્લિનિકલ એસ્ટાબ્લિસમેન્ટ સુધારા અને ગુજરાત રાજ્ય ફિઝિયોથેરાપી કાઉન્સિલ રદ્દ કરવા બાબતના બે વિધેયકો પસાર
2. રાજ્યના 16 હજારથી વધુ ગામડાઓમાં ખેડૂતોને દિવસે વીજળી મળી રહી હોવાનું વિધાનસભામાં જણાવતા રાજ્યના ઉર્જામંત્રી કનુ દેસાઇ
3. ધોરણ 10 અને 12 ના બોર્ડના વિદ્યાર્થીઓ માટે એસટી નિગમ દ્વારા વધારાની બસો દોડાવાશે.
4. કચ્છના કેરા ગામ પાસે બસ અને ટ્રેલર વચ્ચેના અકસ્માતમાં પાંચના મોત - મુખ્યમંત્રીએ દુર્ઘટના અંગે દુઃખ વ્યક્ત કર્યું
5. ગુજરાતી ભાષાનો મહત્તમ ઉપયોગના સંકલ્પ સાથે આજે વિશ્વ માતૃભાષા દિનની રાજ્યભરમાં ઉજવણી
6. વિવિધ કલાકારોની પ્રસ્તુતી સાથે ગાંધીનગરમાં આજથી વસંતોત્સવનો આરંભ..

-------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# BILL PASSED

વિધાનસભામાં આજે બે વિધેયક સર્વાનુમતે મંજૂર થયા છે. રાજ્યના આરોગ્ય મંત્રી દ્વારા રજૂ કરાયેલા ધ ગુજરાત ક્લિનિકલ એસ્ટાબ્લિસમેન્ટ (રજીસ્ટ્રેશન એન્ડ રેગ્યુલેશન) સુધારા વિધેયક-૨૦૨૫ અને ગુજરાત રાજ્ય ફિઝિયોથેરાપી કાઉન્સિલ રદ્દ કરવા બાબતનું વિધેયકને ગૃહે મંજૂર કર્યું છે.

ક્લીનિકલ એસ્ટાબ્લિસમેન્ટ અંગેના કાયદા હેઠળ રાજ્યની હોસ્પિટલ, પ્રસુતિગૃહ, નર્સિંગ હોમ, ડીસ્પેન્સરી, કલીનીક, સેનીટોરીયમ, ઉપરાંત લેબોરેટરી, તબીબી સાધનોની મદદથી જ્યાં પેથોલોજીકલ, બેકટેરીયોલોજીકલ, જીનેટીક, રેડીયોલોજીકલ, કેમીકલ, બાયોલોજીકલ તપાસ અથવા તપાસ વિષયક સેવાઓ આપવામા આવતી હોય તેવી સંસ્થાઓએ ફરજીયાત રજીસ્ટ્રેશન કરવાનું રહે છે, જ્યારે અન્ય એક વિધાયક ,ગુજરાત રાજ્ય ફિઝિયોથેરાપી કાઉન્સિલ રદ્દ કરવા બાબતનું વિધેયક સર્વાનુમતે વિધાનસભામાં પસાર કરાયું હતું.

ગુજરાત સ્ટેટ કાઉન્સીલ ફોર ફિઝિયોથેરાપીની તમામ કામગીરી, કાઉન્સીલનું ફંડ, સંસાધનો, માનવબળ, તેમના તમામ અધિકાર અને જવાબદારીઓ હવે "ગુજરાત સ્ટેટ અલાઇડ એન્ડ હેલ્થકેર કાઉન્સિલ" માં તબદીલ થશે. આ વિધેયક પસાર થતા હવે રાજ્યમાં અલાયદી ફિઝીયોથેરાપી કાઉન્સિલની હવે જરૂરીયાત રહેતી નથી તેમ આરોગ્ય મંત્રીએ જણાવ્યુ હતું.

. . . . . . . . . . . . .

# GRUH QUESTIONARY

રાજ્યના ઉર્જા મંત્રી કનુ દેસાઇએ જણાવ્યું છે કે રાજ્યના 16 હજારથી વધુ ગામડાઓમાં ખેડૂતોને દિવસે વીજળી મળી રહી છે.

ધારાસભ્ય દ્વારા પૂછાયેલા એક પ્રશ્નના જવાબ આપતા જણાવ્યું હતું કે દિવસે વીજળી આપવાની 97 ટકા કામગીરી પૂર્ણ થઇ છે. તેમણે વધુમાં કહ્યું કે બાકી રહેલા 3 ટકા વિસ્તારોમાં આ કામગીરી પૂર્ણ કરવા જમીન અને કાયદાકીય પ્રશ્નોનું નિરાકરણ ટૂંક સમયમાં કરવામાં આવશે.

રાજ્યની વીજ માંગને પહોંચી વળવા અને ભવિષ્યની પેઢીને પ્રદૂષણમુક્ત વાતાવરણ આપવા માટે રાજ્ય સરકાર દ્વારા કોલસો, લિગ્નાઇટ જેવા પરંપરાગત ઊર્જા સ્રોતોના સ્થાને સૌર ઊર્જા, પવન ઊર્જા જેવા બિનપરંપરાગત ઊર્જાસ્રોતોના ઉપયોગ પર ભાર આપવામાં આવી રહ્યો છે.

આ ઉપરાંત ધારાસભ્ય દ્વારા કન્ઝ્યુમર ક્લબ અંગે પૂછાયેલા પ્રશ્નનો પ્રત્યુત્તર આપતા મંત્રી કુંવરજી બાવળિયાએ ઉમેર્યું કહ્યું હતું કે, શાળા-કોલેજના માધ્યમથી ગ્રાહક સુરક્ષા બાબતે વધુમાં વધુ પ્રચાર પ્રસાર થઈ શકે તે માટે અમદાવાદ શહેરમાં છેલ્લા એક વર્ષ દરમિયાન ૧૧ લાખ ૪૫ હજારના ખર્ચે કુલ ૨૨૯ કન્ઝ્યુમર ક્લબ કાર્યાન્વિત કરવામાં આવ્યા છે. આ કન્ઝ્યુમર ક્લબો દ્વારા ૯૧૨ ગ્રાહક જાગૃતિ કાર્યક્રમો યોજાયા છે. જેમાં ચાર લાખથી વધુ વિદ્યાર્થીઓ-શિક્ષકો જોડાયા હતા.

. . . . . . . . . . . . .

## ST BUSES EXAM EXTRA TRIPS

રાજ્યમાં ૨૭મી ફેબ્રુઆરીથી ૧૦ માર્ચ દરમિયાન યોજાનાર ધોરણ ૧૦ અને ૧૨ ની બોર્ડ પરીક્ષા માટે એસ.ટી.નિગમ દ્વારા વિદ્યાર્થીઓ માટે વધારાની

બસ દોડાવવામાં આવશે. વાહનવ્યવહાર રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ આ જાહેરાત કરતાં કહ્યું કે, હાલમાં જે - તે જિલ્લા વહીવટીતંત્ર તરફથી ૮૫ જેટલી એક્સ્ટ્રા બસ શરૂ કરવાની માંગણી મળેલી છે. પ્રથમ તબક્કે હાલની નિયમીત સેવાઓ ઉપરાંત વધારાની ૨૫૦ જેટલી ટ્રીપો ચલાવાશે. હજુ પણ માંગણી મળે તે મુજબ વધારાની બસો ચલાવવામાં આવશે.

## (બાઇટ- હર્ષ સંઘવી, ગૃહરાજય મંત્રી)

એસ.ટી.નિગમના દરેક વિભાગો ખાતે કંટ્રોલ રૂમ પણ શરૂ કરવામાંઆવશે.

. . . . . . . . . . . . .

# ASICON 2025 CM

વર્ષ 2030 સુધીમાં 'એઈડ્સ મુક્ત ભારત'ના સંકલ્પમાં સહયોગ આપવાની અપીલ રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે નાગરિકોને કરી હતી.

રાજ્યમાં પ્રથમ વખત યોજાઈ રહેલા એસિકોન રાષ્ટ્રીય સંમેલનના ઉદઘાટન સંબોધનમાં તેમણે જણાવ્યુ કે ગઇકાલે જાહેર કરાયેલા રાજ્યના બજેટમાં આરોગ્ય ક્ષેત્ર માટે આ વર્ષે 16%ના વધારા સાથે 23,385 કરોડની જોગવાઈ કરવામાં આવી છે. તેમણે ઉમેર્યું હતું કે વર્ષ 2047 સુધીમાં રાજ્યમાં સરેરાશ આયુષ્ય 70 વર્ષથી વધારીને 84 વર્ષ કરવાનો વિકસિત ગુજરાતના રોડમેપનો લક્ષ્યાંક છે.

. . . . . . . . . . . . .

# KUTCH ACCIDENT

કચ્છના ભુજ મુંદ્રા રોડ પરના કેરા ગામ નજીક ખાનગી ટ્રાવેલ્સની મિની લક્ઝરી બસ, ટ્રેલર વચ્ચે સર્જાયેલા ગંભીર અકસ્માતમાં 5 લોકોના મોતની સત્તાવાર પુષ્ટિ થઇ છે. 24 જેટલા લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે. ચારેક લોકોની હાલત ગંભીર છે. કન્ટેનરને ઓવરટેક કરવા જતા મિની બસને નડેલા અકસ્માતને કારણે બસનો અડધો ભાગ તૂટી ગયો હતો. મિની બસમાં 40થી વધુ લોકો સવાર હતા.. અકસ્માતની જાણ થતાં જ પોલીસ અને કલેક્ટર ઘટના સ્થળે ધસી ગયા હતા.. 24 જેટલા ઇજાગ્રસ્તોને સારવાર માટે ભૂજની હોસ્પિટલમાં મોકલી આપવામાં આવ્યાં હતાં.

(બાઇટ – વિકાસ સુન્ડા, પોલીસવડા)

. . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોં કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

.....................................

# AMIT SHAH

કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહે આજે નવી દિલ્હી ખાતે ગુજરાતના વિદ્યાર્થીઓ સાથે સંવાદ સાધ્યો હતો.. કેન્દ્રીય મંત્રીએ ડાંગ જીલ્લાના સંતોકબા ધોળકિયા વિદ્યા મંદિરના ગ્રામીણ અને આદિવાસી સમાજના વિદ્યાર્થીઓ સાથે સંવાદ સાધ્યો હતો..

. . . . . . . . . . . . .

# CBSE EXAM

સીબીએસઇ બોર્ડની ધોરણ 12 વિજ્ઞાન પ્રવાહની પરીક્ષાનો આજથી પ્રારંભ થયો છે. અમદાવાદ સહિત રાજ્યભરમાં આ પરીક્ષા વિદ્યાર્થીઓએ શાંતિપૂર્ણ રીતે આપી હતી. મહેસાણા જિલ્લાની  વડનગર સહિતના દસ કેન્દ્રો ઉપર આ પરીક્ષા યોજાઇ રહી છે. વડનગરની જવાહર નવોદય વિદ્યાલય ખાતે વિદ્યાર્થીઓને મોં મીઠું કરાવી શુભેચ્છાઓ આપવામાં આવી હતી..

. . . . . . . . . . . . .

# VISHVA MATRUBHASHA DIVAS

સદા સૌમ્ય શી વૈભવે ઊભરાતી

મળી માતૃભાષા મને ગુજરાતી...  આ પંક્તિને સાર્થક કરનાર આજનો દિવસ એટલે વિશ્વ માતૃભાષા  દિવસ...

કચ્છી, કાઠીયાવાડી, સુરતી, અમદાવાદી, નાગર, પારસી.. આ બધી લઢણ ને ભાવ સાથે ગુજરાતીઓને એક તાંતણે જોડતો ભાષા સેતુ એટલે આપણી માતૃભાષા ગુજરાતી...

ગુજરાતી ભાષાના પ્રચાર અને પ્રસાર માટે કાર્યરત માતૃભાષા અભિયાન સંસ્થાના કાર્યકર અને લેખક હરિશ ખત્રીએ માતૃભાષાનાં મહત્વ અંગે વાત કરતાં આ મુજબ પ્રતિભાવ આપ્યો હતો.

## (બાઇટ- હરિશ ખત્રી, કાર્યકર)

રાજપીપલાની સ્વામિનારાયણ વિદ્યાલય ખાતે વિદ્યાર્થીઓએ સામુહિક પ્રતિજ્ઞા લઈ મારાં હસ્તાક્ષર મારી માતૃભાષા અભિયાન હેઠળ માતૃભાષામાં હસ્તાક્ષર કર્યા હતા.

આંતરરાષ્ટ્રીય માતૃભાષા દિવસની ઉજવણીનો હેતુ, દરેક ભાષા અને સંસ્કૃતિની વિવિધતાને સન્માન તેમજ બહુ ભાષાવાદને પ્રોત્સાહન આપવાનો છે.

. . . . . . . . . . . . .

## HARSH SANGHVI

ગુજરાત હાઈકોર્ટમાં પણ માતૃભાષામાં કોર્ટ કાર્યવાહી કરવાની ગૃહરાજ્ય મંત્રી હર્ષ સંઘવીએ તરફેણ કરી છે. આજના માતૃભાષા દિવસની ઉજવણી પ્રસંગે તેમણે કહ્યું હતું કે રાજ્યના નાગરિકો સમજી શકે તે પ્રકારે કોર્ટ કાર્યવાહી થવી જોઈએ. તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે આજ નહિ તો કાલે આ કાર્યવાહી માતૃભાષામાં જ થશે.

(બાઇટ- -હર્ષ સંઘવી, ગૃહ રાજ્ય મંત્રી)

-----------------------

## SAHITYA GAURAV PURASKAR-CM

વિશ્વ માતૃભાષા દિન નિમિત્તે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે સાહિત્ય ગૌરવ પુરસ્કાર અર્પણ કર્યા હતાં, જેમાં જાણીતા લોકસાહિત્યકાર સંશોધક બળવંત જાનીને ગુજરાતી ભાષાનો વર્ષ 2023 નો સાહિત્ય ગૌરવ પુરસ્કાર તેમજ મિલિન્દ ગઢવીને યુવા ગૌરવ પુરસ્કારથી સન્માનિત કરાયા હતા.

. . . . . . . . . . . . .

## RANJI TROPHY

અમદાવાદમાં નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે રમાયેલી ગુજરાત અને કેરળ વચ્ચેની રણજી ટ્રોફીની સેમીફાઇનલ મેચ ડ્રો રહી છે.. જોકે પહેલી ઇનિંગની સરસાઇને આધારે કેરળ ફાયનલમાં પ્રવેશ્યું છે. કેરળે પહેલી ઇનિંગ્સમાં 457 રન કર્યા હતા. જોકે ગુજરાત 455 રનમાં ઓલ આઉટ થઇ ગયું હતું. બીજી ઇનિગમાં કેરળે ચાર વિકેટે 114 રન કર્યા હતા.

. . . . . . . . . . . . .